શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
ઓન્કોલોજી વિભાગ (કેન્સરના રોગ)
(મોંઢા અને જીભનું કેન્સર, સ્વરયંત્રનું કેન્સર, થાઈરોઈડ તથા પેરોટેડ, સ્તન, ગર્ભાશિય તથા અંડાશય, અન્નનળી, જઠર તથા આંતરડા, ફેફસાનું કેન્સર, કીડની તથા પેટને લગતા કેન્સર)
- ડૉ. આકાશ વાઘાણી - M.Ch, Surgical Oncology (દર મંગળવાર અને શુક્રવાર - સાંજે ૪ થી ૫)
- ડૉ. સાગર અગ્રવાલ - MDS, Fellowship Head & Neck Surgical Oncoloy (દર સોમવાર અને ગુરૂવાર - સાંજે ૫ થી ૬)
- ડૉ. દિનેશ શાહ - MDS, Fellowship Head & Neck Surgical Oncoloy (દર બુધવાર - સાંજે ૩ થી ૫)
હિમેટોલોજીસ્ટ વિભાગ (લોહીના રોગ)
લોહી-રક્ત (બ્લડ)ને સંબંધિત રોગો તેમજ બ્લડને સંબંધિત કેન્સરના રોગ માટેના તજજ્ઞ હિમેટોલોજીસ્ટ તબીબની ઓ. પી. ડી. .... સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬
- ડૉ. ચિરાગ ત્રિવેદી - M.D., DM in Clinical Haematology


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મરુહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈધરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈધશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ ચોથ રવિવાર ૨૨ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૬

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૬.૦૦

# યુદ્ધવિરામ માટે ટ્રમ્પની 'કભી હા, કભી ના'!!

**ઈરાન** વિવાદમાં ડોનાલ્ડ ટ્રમ્પનો તરતરત જ 'યુ-ટર્ન': પહેલા લશ્કરી કાર્યવાહી ઘટાડવાના સંકેત આપ્યા છતાં વધુ સૈનિકો રવાના

**એમ** પણ કહ્યું કે હોર્મુઝ ખોલ્યા વિના અમેરિકા યુદ્ધ સમેટી શકે છે પછી કહે કે વિજયમાં યુદ્ધવિરામ કેવો

**હોર્મુઝ** સ્ટ્રેટનું રક્ષણ અને દેખરેખ, જરૂરિયાત મુજબ, અન્ય રાષ્ટ્રો દ્વારા કરવાની રહેશે જે તેનો ઉપયોગ કરે છે - યુનાઇટેડ સ્ટેટ્સ નહીં!" ટ્રમ્પ

**વોશિંગ્ટન, તા. 21:** રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર પોતાની જ વાતનો વિરોધ કરે છે, કેટલીકવાર એક જ ભાષણ, સોશિયલ મીડિયા પોસ્ટ અથવા તો એક જ વાક્યમાં. છેલ્લા ૨૪ કલાકમાં, તેમણે ઈરાન યુદ્ધ વિશે મિશ્ર સંકેતોનો એવો મારો ચલાવ્યો છે કે જે સંઘર્ષની દિશા અને તેમના વહીવટીતંત્રની રણનીતિ વિશે વધુ પ્રશ્નો ઊભા કરે

...અનુસંધાન પાના 5 પર

## ૨૨ દેશોએ ઈરાનને હુમલા રોકવા અને હોર્મુઝની ખાડી ખોલવા કહ્યું

દુબઈ, તા. ૨૧ (AP) 22 દેશોએ શનિવારે ઈરાનને હુમલા બંધ કરવા અને હોર્મુઝની ખાડી ફરીથી ખોલવા માટે આગ્રહ કર્યો હતો. યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ), બહેરીન, બ્રિટન, જર્મની, ફ્રાન્સ, જાપાન, દક્ષિણ કોરિયા અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશોએ આ પ્રદેશમાં વ્યાપારી જહાજો તેમ જ તેલ અને ગેસની સુવિધાઓ પર ઈરાનના હુમલાઓની નિંદા કરી છે. શનિવારે એક સંયુક્ત

...અનુસંધાન પાના 5 પર

## અમેરિકી સાંસદો ટ્રમ્પ પાસે 'એક્ઝિટ પ્લાન' માગે છે

વોશિંગ્ટન, તા. ૨૧ (AP): રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોંગ્રેસ (સંસદ)ની મંજૂરી વગર અમેરિકાને ઈરાન સાથેના યુદ્ધમાં જોતરી દીધું છે, પરંતુ હવે સાંસદો સવાલ ઉઠાવી રહ્યા છે કે ઈરાન સાથેનું આ યુદ્ધ ક્યારે, કેવી રીતે અને કેટલા નુકસાન સાથે સમાપ્ત થશે. યુદ્ધ

...અનુસંધાન પાના 5 પર

## ઈરાન પર ઈઝરાયેલ-અમેરિકાનો ભીષણ હવાઈ હુમલો

**એરબેઝ** પર દારૂગોળાનો ભંડાર ફૂંકાયો

**પશ્ચિમ** ઈરાનમાં મોટો વિસ્ફોટ; ઈઝરાયેલની હુમલા તેજ કરવાની ચેતવણી

**ઈરાનના** અણુ મથક પર હુમલો

**તેહરાન/તેલ અવીવ, તા. 21:** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત વિનાશક વળાંક પર પહોંચ્યો છે. શનિવારે ઈઝરાયેલ અને અમેરિકાના સંયુક્ત દળોએ ઈરાનના વ્યૂહાત્મક એરબેઝ પર મોટો હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ઈરાનનો દારૂગોળાનો મોટો જથ્થો હવામાં ઉડી ગયો હતો.

વહદાતી એરબેઝ પર નિશાન: ઈરાનના ખુઝેસ્તાન પ્રાંતના ડેઝફુલ શહેરમાં આવેલા 'વહદાતી એરબેઝ' પર આ હુમલો કરવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં શહેરની ઉપર ધુમાડાના વિશાળ ગોટા અને પ્રચંડ વિસ્ફોટો જોઈ શકાય છે.



...અનુસંધાન પાના 5 પર

### તાકાતથી બમણી રેંજનો મિસાઈલ હુમલો

## ઈરાનનો 4000 કિમી દૂરના અમેરિકી બેઝ પર મિસાઈલ હુમલો

**અમેરિકા** અને બ્રિટનના અત્યંત વ્યૂહાત્મક સૈન્ય મથક ડીએગો ગાર્સિયાને બનાવ્યું નિશાન

**અમેરિકી** યુદ્ધજહાજે મધદરિયે જ એક મિસાઈલ તોડી પાડી

**હુમલો** નિષ્ફળ પણ ઈરાનની અજાણી સૈન્ય તાકાતથી વિશ્વ સ્તબ્ધ



**તેહરાન, તા. 21:** મધ્ય પૂર્વનું યુદ્ધ હવે હિંદ મહાસાગર સુધી વિસ્તર્યું છે. ઈરાને શનિવારે હિંદ મહાસાગરમાં આવેલા અમેરિકા અને બ્રિટનના અત્યંત વ્યૂહાત્મક સૈન્ય મથક 'ડીએગો ગાર્સિયા' (Diego Garcia) પર બે બેલિસ્ટિક મિસાઈલો છોડીને આખી દુનિયાને ચોંકાવી દીધી છે. જોકે, આ હુમલો નિષ્ફળ રહ્યો છે, પરંતુ તેણે ઈરાનની વધેલી સૈન્ય તાકાત અંગે અનેક સવાલો ઊભા કર્યા છે.

અત્યાર સુધી ઈરાનની મિસાઈલ ક્ષમતા 2,000 કિમી સુધીની હોવાનું મનાતું હતું, પરંતુ ડીએગો ગાર્સિયા ઈરાનથી આશરે 4,000 કિમી દૂર છે. નિષ્ણાતોના મતે ઈરાને કોઈ 'પ્રોટોટાઈપ' અથવા સુધારેલી મિસાઈલનો ઉપયોગ કર્યો હોઈ શકે છે.

રિપોર્ટ્સ મુજબ, ઈરાને બે મિસાઈલો છોડી હતી. જેમાંથી એક મધ્ય આકાશમાં જ નિષ્ફળ ગઈ હતી, જ્યારે બીજી મિસાઈલને તોડી પાડવા માટે અમેરિકી યુદ્ધજહાજે 'SM-3 ઇન્ટરસેપ્ટર' છોડ્યું હતું. આ ઇન્ટરસેપ્શન સફળ રહ્યું કે નહીં તે હજુ સ્પષ્ટ થયું નથી.

આ બેઝ અમેરિકા માટે અત્યંત મહત્વનું છે કારણ કે અહીંથી B-2 સ્ટીલ્થ બોમ્બર્સ અને સર્વેલન્સ એરક્રાફ્ટ ઓપરેટ થાય છે. આ હુમલા દ્વારા ઈરાને મેસેજ આપ્યો છે કે હવે કોઈ પણ અમેરિકી બેઝ તેની પહોંચની બહાર નથી. બ્રિટને ઈરાનના આ પગલાને

...અનુસંધાન પાના 5 પર

## ભારત ફરી ખરીદશે ઈરાની તેલ

**અમેરિકાની** મંજૂરી પણ તેહરાનનો પેચ: કહે છે સ્ટોક જ નથી

**નવી દિલ્હી, તા. 21:** વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના આસમાને પહોંચેલા ભાવ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. અમેરિકાએ ઈરાની તેલ પરના પ્રતિબંધોમાં કામચલાઉ છૂટછાટ આપતા ભારતીય રિફાઈનર્સે ફરીથી ઈરાન પાસેથી તેલ ખરીદવાની તૈયારીઓ શરૂ કરી છે. જોકે, ઈરાને આ બાબતે આડોડાઈ કરતા કહ્યું છે કે તેમની પાસે હાલ કોઈ વધારાનું તેલ ઉપલબ્ધ નથી. અમેરિકાનો યુ-ટર્ન: યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે દરિયામાં અટકેલા 14 કરોડ બેરલ ઈરાની તેલના વેચાણને મંજૂરી આપી છે. આ પગલાનો મુખ્ય હેતુ $100ને પાર કરી ગયેલા ક્રૂડના ભાવને નીચે લાવવાનો છે. ભારત પોતાની જરૂરિયાતનું 90% તેલ આયાત કરે છે. ઈરાની તેલ ભારતીય રિફાઈનરીઓ માટે અનુકૂળ હોવાથી, રિફાઈનર્સ ફરીથી ખરીદી શરૂ કરવા આતુર છે. અગાઉ 2018 સુધી ભારત ઈરાનનો મોટો ગ્રાહક હતું. અમેરિકાની આવી જ છૂટછાટ બાદ ભારતે છેલ્લા એક સપ્તાહમાં જ 3 કરોડ બેરલ રશિયન તેલ ખરીદ્યું છે. હવે વધુ 7 રશિયન ટેન્કરો ચીનને બદલે ભારત તરફ રવાના થયા છે. એકબાજુ અમેરિકા છૂટ આપી રહ્યું છે, ત્યારે બીજી બાજુ ઈરાને મુંબઈ સ્થિત પોતાના કોન્સ્યુલેટ દ્વારા નિવેદન આપ્યું છે કે તેમની પાસે વેચવા માટે વધારાનો સ્ટોક નથી. ઈરાન યુદ્ધ દરમિયાન હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરીને વિશ્વ પર આર્થિક દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભારતીય કંપનીઓ સરકારના આદેશની રાહ

...અનુસંધાન પાના 5 પર

### ક્રૂડના ભાવ ઘટાડવા અમેરિકાનો મોટો દાવ

## ઈરાની તેલ પરથી પ્રતિબંધો હટાવ્યા

**દરિયામાં** અટકેલા ઇરાનના 14 કરોડ બેરલ તેલના વેચાણને એક મહિના માટે મંજૂરી; ટ્રમ્પે યુદ્ધવિરામનો કર્યો ઈનકાર

અમેરિકા કહે છે ચીન સસ્તા ભાવે ઇરાની ક્રુડ સંગ્રહે છે

**વોશિંગ્ટન, તા. 21 (પીટીઆઈ):** વૈશ્વિક બજારમાં સતત વધી રહેલા ક્રૂડ ઓઈલના ભાવને અંકુશમાં લેવા માટે અમેરિકાએ એક વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે શનિવારે જાહેરાત કરી હતી કે, દરિયામાં અટકેલા (ટ્રાન્ઝિટમાં રહેલા) ઈરાની તેલના જથ્થા પરથી એક મહિના માટે કામચલાઉ પ્રતિબંધો હટાવી લેવામાં આવ્યા છે. આ પગલાથી આશરે 140 મિલિયન (14 કરોડ) બેરલ તેલ વૈશ્વિક બજારમાં ઉપલબ્ધ થશે.

ટ્રેઝરી સેક્રેટરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સ્પષ્ટતા કરી હતી કે, આ છૂટછાટ માત્ર એ જ તેલ માટે છે જે હાલમાં જહાજોમાં લોડ થયેલું છે અને પરિવહન હેઠળ છે. ઈરાન નવું તેલ ઉત્પાદન કરી શકશે નહીં કે નવા સોદા કરી શકશે નહીં. આ છૂટછાટ શુક્રવારથી શરૂ થઈ છે અને 19 એપ્રિલ સુધી અમલમાં રહેશે. બેસેન્ટે દાવો કર્યો હતો કે અત્યાર સુધી પ્રતિબંધિત ઈરાની તેલનો જથ્થો ચીન દ્વારા સસ્તા ભાવે સંગ્રહિત કરવામાં આવતો હતો, જે હવે ખુલ્લા બજારમાં આવશે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવ જે યુદ્ધ પહેલાં પ્રતિ બેરલ $70 હતા, તે વધીને આ સપ્તાહે $119.50 સુધી પહોંચી ગયા છે. અમેરિકામાં પણ પેટ્રોલના ભાવ $3 પ્રતિ ગેલનથી વધીને શનિવારે $3.99 પર પહોંચી ગયા છે. આ મોંઘવારીને ડામવા અમેરિકા 'ઓપરેશન એપિક ફ્યુરી' હેઠળ ઈરાની બેરલનો ઉપયોગ ઈરાન વિરુદ્ધ જ કરી રહ્યું છે જેથી તેલના ભાવ નીચે લાવી શકાય.

બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ મહત્વનું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકા ઈરાન સામેની સૈન્ય કાર્યવાહીને "વાઈન્ડ ડાઉન" (ધીમી અથવા સમાપ્ત) કરવા પર વિચાર કરી રહ્યું છે, કારણ કે અમેરિકા તેના લક્ષ્યોની ખૂબ નજીક છે. જોકે, તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે તેઓ કોઈ 'સીઝફાયર' (યુદ્ધવિરામ) કરવા ઈચ્છતા નથી. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે કટાક્ષ કરતા કહ્યું, "જ્યારે તમે સામે પક્ષે સંપૂર્ણ વિજય મેળવી રહ્યા હોવ, ત્યારે યુદ્ધવિરામ

...અનુસંધાન પાના 5 પર

## કોમર્શિયલ LPG ફાળવણીમાં 20%નો વધારો

**ધાબા,** રેસ્ટોરાંને અગ્રતા, કુલ ફાળવણી 50 ટકા

**નવી દિલ્હી, તા. 21 (PTI):** સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોમર્શિયલ એલપીજીની ફાળવણીમાં વધારાના 20 ટકાની મંજૂરી આપી છે, જેનાથી કુલ ફાળવણી 50 ટકા પર પહોંચી છે. સ્થાનિક ઉત્પાદનમાં વધારો થવાને કારણે પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે.

મધ્ય પૂર્વમાં ત્રણ અઠવાડિયાં સુધી ચાલેલા યુદ્ધને કારણે ભારતને થતા ઊર્જા પુરવઠામાં વિક્ષેપ પડ્યો હતો, જેના પરિણામે ઘરગથ્થુ રસોડામાં પુરવઠાને પ્રાથમિકતા આપવા માટે હોટલ જેવા વ્યાપારી સંસ્થાનોના એલપીજી પુરવઠામાં શરૂઆતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ, તેમના પુરવઠાનો પાંચમો ભાગ પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો અને સરકારે વધારાના 10 ટકાની ઓફર કરી હતી, એ શરતે કે રાજ્યો પાઈપ્ડ ગેસ પ્રોજેક્ટ્સને ઝડપી બનાવે.



શનિવારે, સરકારે રેસ્ટોરાં, હોટલ, ઔદ્યોગિક કેન્ટીન, ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ, સામુદાયિક રસોડા અને સબસિડીવાળા ફૂડ આઉટલેટ્સ જેવાં મુખ્ય ક્ષેત્રો માટે 20 ટકા વધુ ફાળવણીની જાહેરાત કરી હતી, જ્યારે લક્ષિત વિતરણ દ્વારા પરપ્રાંતીય શ્રમજીવીઓને પણ સહાય પૂરી પાડવામાં આવી છે.

તેલ સચિવ દ્વારા રાજ્યોને લખવામાં આવેલા પત્ર મુજબ, વધારાની ફાળવણી વ્યાપારી સંસ્થાનોએ તેલ કંપનીઓમાં નોંધણી કરાવવા અને પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) કનેક્શન માટે અરજી કરવાને આધીન રહેશે.

એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, સ્થાનિક એલપીજી પુરવઠો સ્થિર છે, ડિસ્ટ્રિબ્યુટરશિપ પર અછતના કોઈ અહેવાલ નથી અને ડિલિવરી કામગીરી સામાન્ય રીતે ચાલુ છે. ગભરાટમાં કરવામાં આવતા બુકિંગમાં ઘટાડો થયો છે અને નાગરિકોને ભીડ ટાળવા અને હોમ ડિલિવરી પર આધાર રાખવાની સલાહ આપવામાં આવી છે.

પુરવઠાનું દબાણ ઘટાડવા માટે સરકાર ખાસ કરીને વ્યાપારી સંસ્થાનો માટે પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) તરફ વળવા પ્રોત્સાહન આપી રહી છે અને રાજ્યોને સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક માટેની મંજૂરીઓ ઝડપી બનાવવા વિનંતી કરી છે. સમાંતર રીતે, તમામ રિફાઈનરીઓ પૂરતા ક્રૂડ ઈન્વેન્ટરીઝ સાથે ઉચ્ચ ક્ષમતા પર કાર્યરત છે, જે પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે.

## સોશિયલ મીડિયા પર વીડિયો અપલોડ કરવાનો ટ્રેન્ડ ન્યાયિક પ્રક્રિયા માટે ખતરો: સુપ્રીમ કોર્ટ

**મોબાઇલ** ધરાવતી દરેક વ્યક્તિ 'મીડિયા' બની ગઈ છે; આરોપીઓની ગરિમા જાળવવા પોલીસને ટકોર

**વરિષ્ઠ** વકીલે પોલીસ દ્વારા સોશિયલ મીડિયા પર આરોપીઓને હથકડી પહેરાવેલી, દોરડાથી બાંધેલા, સરઘસ કાઢવાના તાજેતરના ટ્રેન્ડ તરફ ધ્યાન દોર્યું

**નવી દિલ્હી: તા. 21:** સુપ્રીમ કોર્ટે લોકો દ્વારા મોબાઈલ ફોન પર શૂટ કરાયેલા વીડિયો તાત્કાલિક સોશિયલ મીડિયા પર અપલોડ કરવાના ટ્રેન્ડ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને જણાવ્યું છે કે આવી પ્રવૃત્તિઓ નિષ્પક્ષ ટ્રાયલ (ન્યાયિક પ્રક્રિયા) માટે ગંભીર ખતરો પેદા કરે છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી તથા વિપુલ એમ. પંચોલીની બેન્ચે શુક્રવારે આ ટિપ્પણી કરી હતી. બેન્ચ એક જાહેર હિતની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે, પોલીસ આરોપીઓના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર અપલોડ કરે છે, જેનાથી લોકોના મનમાં પૂર્વગ્રહ ઊભો થાય છે.

પીઆઈએલમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, કોર્ટે અન્ય એક કેસમાં રાજ્યોને પોલીસ દ્વારા મીડિયા બ્રીફિંગ માટે માર્ગદર્શિકા તૈયાર કરવા જણાવ્યું હતું અને તેમાં સોશિયલ મીડિયા પોસ્ટ્સનો પણ સમાવેશ થવો જોઈએ.

બેન્ચે અરજદાર હેમેન્દ્ર પટેલને તે માર્ગદર્શિકાના પરિણામની રાહ જોવાનું સૂચન કર્યું હતું. સાથે જ, પટેલ વતી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ ગોપાલ શંકરનારાયણનની એ વાત સાથે સહમતી દર્શાવી હતી કે આજકાલ મોબાઈલ ફોન ધરાવતી દરેક વ્યક્તિ 'મીડિયા' બની ગઈ છે. વરિષ્ઠ વકીલે પોલીસ દ્વારા સોશિયલ મીડિયા પર આરોપીઓને હથકડી પહેરાવેલી, દોરડાથી બાંધેલા, સરઘસ કાઢવામાં આવેલા અથવા ઘૂંટણિયે બેસાડવાની ફરજ પાડતા ફોટા મૂકવાના તાજેતરના ટ્રેન્ડ તરફ ધ્યાન દોર્યું હતું અને કહ્યું હતું કે આનાથી વ્યક્તિગત ગરિમાને ઠેસ પહોંચવા ઉપરાંત જનતામાં પૂર્વગ્રહ પણ વધે છે.

જસ્ટિસ બાગચીએ શંકરનારાયણનને કહ્યું હતું કે, માત્ર પોલીસ વિશે વાત કરવાને બદલે (જેમને મીડિયા બ્રીફિંગ પર એસઓપી તૈયાર કરવા માટે ત્રણ મહિનાનો સમય અપાયો છે), તેમણે પોલીસ, પરંપરાગત મીડિયા અને સોશિયલ મીડિયા માટે એક વ્યાપક પદ્ધતિની માંગ કરવી જોઈએ.

## મોદીની ઈરાનના રાષ્ટ્રપતિ સાથે મંત્રણા

**'સ્ટ્રેટ ઓફ** હોર્મુઝ' અને દરિયાઈ સુરક્ષા પર ભાર

**ઈરાનનો** પ્રાદેશિક સુરક્ષા માળખાનો પ્રસ્તાવ; ભારત પાસે સંઘર્ષ રોકવા માટે હસ્તક્ષેપની માગ



**નવી દિલ્હી, તા. ૨૧:** શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન વચ્ચે ફોન પર વાતચીત થઈ હતી. આ દરમિયાન પીએમ મોદીએ પશ્ચિમ એશિયામાં મહત્ત્વના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર થઈ રહેલા હુમલાઓની નિંદા કરી હતી. ઈરાન દ્વારા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ની નાકાબંધીને કારણે વૈશ્વિક ઊર્જા પુરવઠામાં મોટી અડચણ આવી રહી છે, જેને ધ્યાનમાં રાખીને મોદીએ શિપિંગ લેન્સ (દરિયાઈ માર્ગો) ખુલ્લા અને સુરક્ષિત રાખવા પર ભાર મૂક્યો હતો.

ઈરાન દ્વારા જારી કરવામાં આવેલી વિગતો મુજબ, ઈરાનના રાષ્ટ્રપતિએ પશ્ચિમ એશિયાના દેશોને સામેલ કરીને એક પ્રાદેશિક સુરક્ષા માળખું બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેથી કોઈપણ વિદેશી દખલગીરી વગર પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા લાવી શકાય. પેઝેશ્કિયને ભારતને (બ્રિક્સના વર્તમાન અધ્યક્ષ તરીકે) વિનંતી કરી કે, તે પોતાની સ્વતંત્ર ભૂમિકાનો ઉપયોગ કરી ઈરાન વિરુદ્ધ અમેરિકા-ઈઝરાયેલના સંઘર્ષને રોકવામાં મદદ કરે.

નિવેદન અનુસાર, રાષ્ટ્રપતિએ અમેરિકાના એ દાવાને ફગાવી દીધો હતો કે ઈરાનને પરમાણુ હથિયારો બનાવતા રોકવા માટે તેમની વિરુદ્ધ સૈન્ય અભિયાન શરૂ થયું હતું. પેઝેશ્કિયને ભારપૂર્વક જણાવ્યું હતું કે, દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીએ પરમાણુ હથિયારોનો સખત વિરોધ કર્યો હતો અને તેને બનાવવા પર ધાર્મિક અને વહીવટી રોક લગાવી હતી.

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે વાત કરી હતી અને પશ્ચિમ એશિયાના સંઘર્ષ અને તેની અસરો વિશે ચર્ચા કરી હતી.

પીએમ મોદીએ સોશિયલ

...અનુસંધાન પાના 5 પર

### તા. ૨૧-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૫° સે. | ૨૧.૨° સે. | ૩૮% |